| PUBLICATION NAME : | NavGujarat Samay |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 07/09/24 |
| PAGE : | 4 |

નવગુજરાત સમય

Date : 07.09.2024 Page : 04

### ઈડીઆઈઆઈમાં ડૉ. વી.જી. પટેલ મેમોરિયલ લેક્ચર યોજાયું

# ઉદ્યોગ સ્થાપીને વ્યક્તિ અન્યો માટે રોજગારીની તકો ઊભી કરે છે: સવજીભાઈ ધોળકીયા

નવગુજરાત સમય > અમદાવાદ

ઉદ્યોગસાહસિકતા વિષયમાં રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મહત્વનું યોગદાન પ્રદાન કરતી ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન(EDII) ખાતે ડૉ. વી.જી. પટેલ મેમોરિયલ લેક્ચરનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે EDIIના મહાનિર્દેશક ડૉ. સુનિલ શુક્લે ડૉ. વી.જી. પટેલને યાદ કરતા જણાવ્યું કે ડૉ. વી.જી. પટેલે દેશમાં ફક્ત ઉદ્યોગસાહસિક્તાનો ખ્યાલ સ્થાપિત કર્યો એટલું જ નહિ પરંતુ તાલીમ દ્વારા ઉદ્યોગસાહસિકો વિકસાવી શકાય છે તેને સફળતાપૂર્વક સાબિત કરી આપ્યું. આજે તેમના આ ખ્યાલને ભારત સરકાર દ્વારા એક ખાસ મંત્રાલય ઊભું કરીને માન્યતા મળી. દેશ-વિદેશમાં આ ખ્યાલની વિશ્વનીયતા સ્થાપિત થઈ તથા તમામ મંત્રાલયો દ્વારા ઉદ્યોગસાહસિકતા કે સ્ટાર્ટઅપ સંબંધી કાર્યક્રમો તથા નીતિઓ ઘડ્યા એટલું જ નહિ દરેક રાજ્યમાં આગળ સંસ્થાનોની




સ્થાપના થઈ. ડૉ. વી.જી. પટેલનું આ યોગદાન અવિસ્મરણીય છે અને દેશ તેમની આ ચળવળ સ્થાપિત કરવા બદલ સદૈવ આભારી રહેશે.

આ પ્રસંગે સવજીભાઈ ધોળકીયા(દેશ-વિદેશમાં જાણીતા ઉદ્યોગસાહસિક ,સ્થાપક તથા અધ્યક્ષ શ્રી હરિ કૃષ્ણ એક્સપોર્ટ્સ લિમિટેડ)એ ઉદબોધન કરતા જણાવ્યું કે ડૉ. વી.જી. પટેલ સાચા અર્થમાં સ્વપ્નદ્રષ્ટા હતા. તેઓએ ઉદ્યોગસાહસિકતાના પાઠ શીખવ્યા. યુવાનો યુવતીઓને આજના યુગમાં વૈકલ્પિક કારકિર્દી વિષે સમજાવતા જણાવ્યું હતું કે પોતાનો ઉદ્યોગ સ્થાપીને વ્યક્તિ પોતે જ આત્મનિર્ભર નથી બનતો પરંતુ અન્યો માટે પણ રોજગારીની તકો ઊભી કરે છે. ઉદ્યોગસાહસિકો જ છે જેઓ પોતાના દમ અને આત્મવિશ્વાસથી આર્થિક સંકટનો સામનો કરી શકે છે. જે દેશોમાં વધુ સફળ ઉદ્યોગસાહસિકો હશે તે દેશો આર્થિક રીતે તરક્કી કરે છે. ડૉ. સુનિલ શુક્લ આ વારસાને સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે તે માટે તેમને ધન્યવાદ આપું છું. આ પ્રસંગે સવજીભાઈએ ડૉ. વી.જી. પટેલ નેશનલ મેમોરિયલ એવોર્ડ એનાયત કર્યો હતો. ઉદ્યોગસાહસિકતા વિકાસ ચળવળને વેગ આપવા બદલ એનાયત થતા આ રાષ્ટ્રીય એવોર્ડમાં ઉદ્યોગસાહસિકતા પ્રશિક્ષક, શિક્ષણવિદ તથા પ્રોત્સાહક માટે દેશમાંથી 469 અરજી આવી હતી જેમાંથી ત્રણ પ્રશિક્ષકની પસંદગી કરાઈ હતી. જેના વિજેતાઓમાં વિદ્યાદીપ ફાઉન્ડેશન, સતારા, મહારાષ્ટ્રના ડૉ. દિપક ઉત્તમરાવ તત્પુજે, ડૉ વિજયશ્રી લક્ષ્મણ, બી એન એમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી-બેંગ્લોર તથા ડૉ. અભિષેક પારિક, બનસ્થલી વિદ્યાપીઠ-રાજસ્થાનનો સમાવેશ થાય છે.